# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: કલ્પના શાહ**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૧૨-૦૮-૨૦૨૪ સોમવાર                સમય : સાંજે ૬:25 કલાકે**

---

## સ્વતંત્રતા પર્વની રાજ્યમાં થનારી ઉજવણી:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાના સ્વતંત્રતા પર્વની ઉજવણી ખેડાના નડિયાદ ખાતે કરાશે. જ્યારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી બનાસકાંઠામાં , નાણામંત્રી કનુભાઇ દેસાઈ સુરતમાં, આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ મહેસાણામાં, કૃષિમંત્રી રાઘવજી પટેલ જુનાગઢમાં ધ્વજવંદન કરશે.

ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપૂત કચ્છમાં , પાણી-પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયા અમરેલીમાં, પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરા બોટાદમાં, શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડિંડોર સાબરકાંઠામાં, મહિલા અને બાળવિકાસ મંત્રી ભાનુબેન બાબરિયા ગીરસોમનાથમાં અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી વડોદરામાં જિલ્લાકક્ષાની સ્વતંત્રતા પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહેશે.

- (RNU અમદાવાદ)

---

## જીલ્લામાં હર ઘર તિરંગાની તાલુકા કક્ષાની ઉજવણી:

જીલ્લામાં આજે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તાલુકા કક્ષાના કાર્યક્રમોમાં ગાંધીધામ, ભચાઉ, મુંદરા તથા નખત્રાણા શહેરમાં તથા અબડાસા તાલુકામાં નલીયા તથા લખપતમાં દયાપર ખાતે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રાના માધ્યમથી સૌ નાગરિકોને પ્રત્યેક ઘરો પર તિરંગો લહેરાવવાની અપીલ સાથે દેશની એકતા, અખંડિતતા, એક ભારત , શ્રેષ્ઠ ભારતના સપનાને સાકાર કરવા સહયોગ આપવા આહ્વાન કરવામાં આવ્યું હતું.

લખપત તાલુકાના દયાપર તથા અબડાસાના નલીયા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ, જ્ઞાતિવાદ, પ્રાંતવાદ, ભાષાવાદને દેશવટો આપીને રાષ્ટ્રવાદની ભાવના જગાવવા અનુરોધ કર્યો હતો. મુંદરા તાલુકાના ભુજપુર ખાતેની તિરંગા યાત્રામાં ધારાસભ્ય અનિરુધ્ધ દવેએ દેશના વિકાસમાં શ્રેષ્ઠ યોગદાન આપી એક અને નેક બનવા પ્રત્યેક દેશવાસી પ્રતિબદ્ધ બને એવી ભાવના વ્યક્ત કરી હતી. ભચાઉ ખાતે ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાએ દરેક કચ્છીઓને હર ઘર તિરંગા અભિયાનમાં સક્રિયતાથી જોડાઇને માનભેર

ઘર, દુકાન, વાણિજય સંકુલો વગેરે પર સ્થાન આપીને દેશભક્તિના આ પર્વને વધુ હોંશભેર ઉજવવા જણાવ્યું હતું.

શહેર તથા ગામે ગામ નીકળેલી તિરંગા યાત્રાથી શહેર તથા ગામની ગલીઓ દેશભક્તિના નારાઓથી ગુંજી ઉઠી હતી. તિરંગા યાત્રામાં વિદ્યાર્થીઓ , ગ્રામજનો, સામાજીક સંસ્થાઓ, પોલીસ જવાનો , હોમગાર્ડ જવાનો , બીએસએફના જવાનો તથા મોટી સંખ્યામાં રાષ્ટ્રપ્રેમીઓ જોડાઇને ભારતદેશની એકતાનો પરિચય આપ્યો હતો.

- (મા.ખા. ભુજ)

---

## મતદાર યાદી સુધારણા કાર્યક્રમ:

ચૂંટણી પંચ દ્વારા ગુજરાત સહીત દેશભરમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ જાહેર કરાયો છે. જે અંતર્ગત જીલ્લામાં ૨૦ મી ઓગસ્ટથી મતદાર યાદી સુધારણા સંદર્ભે ડોર ટુ ડોર સર્વે કામગીરી હાથ ધરાશે. જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા એ અંગેની તૈયારીઓ આરંભાઈ છે. બુથ લેવલ અધિકારીઓ દ્વારા ૨૦ મી ઓગસ્ટ થી ૧૮ ઓક્ટોબર સુધી ચાલનારી આ કામગીરી અંતર્ગત નવા નામો ઉમેરવા, કમી કરવા, સરનામામાં સુધાર, સહીતની કામગીરી માટે નિયત ફોર્મ ભરાવવામાં આવશે. ત્યાર બાદ ૧૯મી ઓક્ટોબર થી ફોર્મ ચકાસણી થશે, ૨૯ મી ઓક્ટોમ્બરના દાવા વાંધાઓના નિકાલની પ્રક્રિયા હાથ ધરાશે, જયારે છઠ્ઠી જાન્યુઆરી ૨૦૨૫ના નવી મતદારયાદી પ્રસિદ્ધ કરાશે.

- (NP, કલ્પના શાહ)

---

## ગાંધીધામ ખાતે તિરંગા યાત્રા:

"હર ઘર તિરંગા " અભિયાન અંતર્ગત આજે ગાંધીધામ ખાતે ગાંધીમાર્કેટથી 300 મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથેની તિરંગા રેલીનો સાંસદ વિનોદ ચાવડાએ પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે દરેક કચ્છવાસીઓને હર ઘર તિરંગા અભિયાનમાં સહભાગી બની ઘર ઘર તિરંગો લહેરાવીને એકતા , સમરસતા તથા રાષ્ટ્રપ્રેમની ભાવના વધુ પ્રબળ બનાવવા અનુરોધ કર્યો હતો.

ગાંધીમાર્કેટથી પ્રારંભ થયેલી રેલી મુખ્યબજારથી ફરી ઝંડાચોક ખાતે પૂર્ણ થઇ હતી. તિરંગા રેલીમાં મોટી સંખ્યામાં પોલીસ જવાનો , બીએસએફ તથા હોમગાંર્ડના જવાનો, વિદ્યાર્થીઓ, સામાજિક સંસ્થાઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

રેલીને પ્રસ્થાન કરાવતા સાંસદ વિનોદ ચાવડાએ તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં જોડાયેલા નાગરિકો વિદ્યાર્થીઓ વગેરેને અભિનંદન પાઠવતા રાષ્ટ્રધ્વજને દરેક ઘર , વાણિજ્ય સંકુલો તથા દરેક ઇમારતો પર લેહરાવવા અનુરોધ કર્યો હતો.

શહેરના મુખ્યમાર્ગો પર હજારો તિરંગા સાથે નીકળેલા છાત્રો , પોલીસ, બીએસએફ તથા હોમગાર્ડના જવાનો, નાગરિકોના દેશભક્તિના નારાઓથી શહેરના રસ્તા ગુંજી ઉઠ્યા હતા.

- (મા. ખા. ભુજ)

---

## શ્રાવણી પર્વોની જીલ્લામાં થઇ રહેલી ઉજવણી:

ભુજ સહીત જીલ્લાભરના શિવાલયોમાં પવિત્ર શ્રાવણ માસના સોમવાર નિમિતે વિશેષ પૂજન-અર્ચન, લઘુ રુદ્ર, મહાઆરતી સહીતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ત્યારે શ્રાવણી પર્વનો શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં માહોલ જામ્યો છે. વીર પસલી, રક્ષાબંધન સહિતના પર્વોને અનુલક્ષીને બજારોમાં ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે. જીલ્લા તેમજ જીલ્લા બહાર વસતાં લોકોનું આવાગમન વધતાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ ચહેલ પહેલ જોવા મળી રહી છે. સ્વામીનારાયણ મંદિરોમાં હિંડોળા દર્શન, સત્સંગ તેમજ દશામાના મંદિરોમાં પણ મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે. મેઘ મહેરને પગલે શ્રાવણી પર્વની ઉજવણીમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

- (કલ્પના શાહ)

---